# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**************************************************

1) આતંકવાદ સામે લડવાના ભારતના મજબૂત સંકલ્પ સાથે સર્વ-પક્ષીય પ્રતિનિધિમંડળે અમેરિકાની મુલાકાત પૂર્ણ કરી.

2) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું- નિમ્નસ્તરીય બિયારણ અને જંતુનાશકો બનાવનારા સામે કડક કાર્યવાહી કરાશે.

3) ઉત્તર સિક્કિમના ચાટેનમાં ફસાયેલા 28 લોકો અને સેનાના 20 કર્મચારીઓને બચાવી લેવાયા.

4) પ્રતિષ્ઠિત એક્સિઓમ-4 મિશન આવતીકાલે નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ભારતીય સમય મુજબ સાંજે 5:52 વાગ્યે લોન્ચ થશે

5) તાઇવાન એથ્લેટિક્સ ઓપન ચેમ્પિયનશીપમાં ભારતીય ખેલાડીઓએ 12 સુવર્ણ સહિત 16 ચંદ્રક જીત્યા.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ALL PARTY DELEGATION

સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામે લડવાના ભારતના મજબૂત સંકલ્પને લઈને ઉપ-રાષ્ટ્રપ્રમુખ જે.ડી.વાન્સ અને રાજ્યના નાયબ સચિવ ક્રિસ્ટોફર લેન્ડો સાથે બેઠક કર્યા પછી અમેરિકાની મુલાકાત પૂર્ણ કરી હતી. કોંગ્રેસના સાંસદ શશી થરૂરની આગેવાની હેઠળના પ્રતિનિધિ મંડળ, ત્રણ જૂને અમેરિકાની રાજધાનીમાં પહોંચ્યું હતું અને ત્રણ દિવસ દરમિયાન કેપિટોલ હિલ પર તેમજ વોશિંગ્ટનમાં બેઠકોની વિશાળ શ્રેણી યોજાઇ હતી, જેમાં અમેરિકન સરકારના અધિકારીઓ તેમજ ધારાસભ્યોને ક્રોસ-બોર્ડર આતંકવાદ અંગે ભારતના વલણ વિશે બ્રીફિંગ આપ્યું હતું.

ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળ જર્મનીની મુલાકાત સમાપ્ત થયા બાદ દિલ્હી પહોંચ્યું. મીડિયા સાથે વાત કરતા શ્રી પ્રસાદે કહ્યું કે, તેમના પ્રતિનિધિ મંડળ ફ્રાન્સ, ઇટાલી, ડેનમાર્ક, ઇંગ્લેંડ, બ્રસેલ્સ અને જર્મનીની મુલાકાતે ગયા અને વિદેશી રાષ્ટ્રોએ પહેલગામ આતંકી હુમલાની નિંદા કરી.

<u>(બાઇટ: રવિશંકર પ્રસાદ, સાંસદ)</u>

# SHIVRAJSINH BANGALURU

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, નિમ્નસ્તરીય બિયારણ અને જંતુનાશકો બનાવનારા સામે કડક કાર્યવાહી કરાશે. 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' હેઠળ ભારતીય બાગાયતી સંશોધન સંસ્થા, બેંગલુરુ ખાતે ખેડૂતો સાથે સંવાદ કરતાં શ્રી ચૌહાણે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ખેડૂતો પણ વૈજ્ઞાનિકો છે, તેઓ સંશોધન કરીને કૃષિ નવીનતામાં નવા અધ્યાય ઉમેરી રહ્યા છે. તેમણે એક રાષ્ટ્ર એક ચૂંટણીના મંત્ર સાથે જોડાવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

(બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ)

આ 15 દિવસનું અભિયાન 29મેના, રોજ ઓડિશાથી શરૂ થયું હતું. અને 12 જૂન સુધી ચાલશે. અત્યાર સુધીમાં 11 દિવસમાં, શ્રી ચૌહાણે ઓડિશા તેમજ જમ્મુ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ સહિત વિવિધ રાજ્યોની મુલાકાત લીધી છે અને લાખો ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો છે.

# INDIA NORWAY - MARINE CONFERENCE

કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહે મોનાકો ખાતે નોર્વેના આંતરરાષ્ટ્રીય વિકાસ મંત્રી અસમંડ ગ્રોવર સાથે મુલાકાત કરી હતી. બેઠક

દરમિયાન, નોર્વેના મંત્રીએ જમ્મુ -કાશ્મીરના પહેલગામમાં તાજેતરના આતંકી હુમલા અંગે ભારત સાથે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. ડો. સિંહે એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, નોર્વેના મંત્રીએ ભારતની તરફેણમાં નોર્વેમાં એક મજબૂત જાહેર ભાવના વ્યક્ત કરી, જેમાં અનેક નાગરિકો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના દેશની મુલાકાત લેવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

બંને નેતાઓએ દરિયાઈ આયોજન, આર્કટિક સંશોધન અને સ્થિતિસ્થાપક બ્લૂ ઇકોનોમીમાં ભારત-નોર્વે સહયોગને ગાઢ બનાવવા પર ટિપ્પણીઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

# SIKKIM – EVACUATION

ઉત્તર સિક્કિમના ચાટેનમાં ફસાયેલા 28 લોકો અને સેનાના 20 કર્મચારીઓને ગઈકાલે એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. ભારે વરસાદને કારણે આ પ્રદેશમાં અનેક ભૂસ્ખલનને કારણે રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ હતી. પહેલી ઉડાનમાં એક હેલિકોપ્ટરે 28 નાગરિકો, જેમાં સગીરો, પ્રવાસી ટેક્સી ડ્રાઇવરો અને સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે, તેમને ચાટેનથી બહાર કાઢ્યા હતા, જ્યારે સેનાના 20 કર્મચારીઓ બીજી મુસાફરીમાં પાક્યોંગ ગ્રીનફિલ્ડ હવાઈમથક પરત ફર્યા હતા.

MI-17 હેલિકોપ્ટરે ચાટેન ખાતે તૈનાત સેનાના કર્મચારીઓ માટે આવશ્યક પુરવઠો પણ પહોંચાડ્યો હતો. સિક્કિમ સરકારે આ વિસ્તારમાં ભૂસ્ખલનથી પ્રભાવિત લોકોને તાત્કાલિક રાહત અને સલામત સ્થળાંતર પૂરું પાડવા માટે હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DRDO - DEFENCE TECH

મહારાષ્ટ્રના અહેમદનગરમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-DRDOની વાહન સંશોધન અને વિકાસ સ્થાપના-VRDEએ નવ સંરક્ષણ પ્રણાલીની તકનીકીઓને 10 ભારતીય ઉદ્યોગોમાં સ્થાનાંતરિત કરી છે. સિસ્ટમોમાં રાસાયણિક, જૈવિક, રેડિયોલોજીકલ, પરમાણુ રીસ વાહન, માઉન્ટ ગન સિસ્ટમ, આતંકવાદ વિરોધી વાહન અને વજ્રા-રાયોટ કંટ્રોલ વાહનનો સમાવેશ થાય છે.

ટેકનોલોજી સ્થાનાંતરિત સમારોહમાં DRDOના અધ્યક્ષ ડો.સમીર.વી.કામટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. કામતે ઓપરેશન  સિંદૂર દરમિયાન સ્વદેશી સિસ્ટમોના અપવાદરૂપ પ્રદર્શન માટે DRDO અને ઉદ્યોગની પ્રશંસા કરી. ઉભરતી તકનીકીઓ પર સહયોગ કરવા માટે VRDE એ COEP ટેકનોલોજીકલ યુનિવર્સિટી, પુણે સાથે સમજૂતી પત્ર પર પણ હસ્તાક્ષર કર્યા.

# REV. AXIOM-4 MISSION

પ્રતિષ્ઠિત એક્સિઓમ-4 મિશન આવતીકાલે નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ભારતીય સમય મુજબ સાંજે 5:52 વાગ્યે લોન્ચ થશે. આ ઐતિહાસિક મિશન અમેરિકા, ભારત, પોલેન્ડ અને હંગેરીના ચાર અવકાશયાત્રીઓને લો અર્થ ઓર્બિટમાં 14 દિવસના વૈજ્ઞાનિક મિશન માટે આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર લઈ જશે.

એક્સિઓમ-4 મિશન પરના ચાર અવકાશયાત્રીઓમાં ભારતના સુભાંશુ શુક્લા, પોલેન્ડના સ્લાવોઝ ઉઝનાન્સ્કી, હંગેરીના ટિબોર કાપુ અને અમેરિકાના પેગી વ્હિટસનનો સમાવેશ થાય છે. નાસાના અવકાશયાત્રી વ્હિટસન મિશન કમાન્ડર તરીકે સેવા આપશે, જ્યારે શુક્લા 1984ના રાકેશ શર્માના મિશન પછી અવકાશમાં મુસાફરી કરનાર ભારતના બીજા અવકાશયાત્રી બનશે.

# AIIA-YOGA DAY

આંતરરાષ્ટ્રીય દિવસના યોગ ઉજવણીના ભાગ રૂપે, ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ-AIIA એ આજે શરૂ થતાં, યોગ સમાવેશ હેઠળ ત્રણ દિવસીય આયંગર યોગ વર્કશોપનું આયોજન કરશે. આ વર્કશોપ બુધવાર સુધી દરરોજ બપોરે બે થી ત્રણ વાગ્યા સુધી ચાલશે.

લાઇફ યોગા સેન્ટરના જાણીતા આયંગર યોગ શિક્ષક અમિત શર્માના નેતૃત્વમાં, સત્રો દરમિયાન શરીરની ચોક્કસ ગોઠવણી તકનીકો અને માનસિક સુખાકારી, આયંગર પરંપરાના લક્ષણો પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

## IMD-WEATHER

ભારત હવામાન વિભાગે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદાખ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના વિવિધ સ્થળોએ હીટવેવની આગાહી કરી છે. હવામાન વિભાગે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ઉત્તર કર્ણાટકના અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી પણ કરી હતી.

નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઓડિશા, પંજાબ, પશ્ચિમ મધ્યપ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, આંદમાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ અને કર્ણાટમાં ભારે પવન સાથે વાવાઝોડાનો અનુભવ થશે.

## TAIWAN OPEN

ભારતીય ખેલાડીઓએ તાઇવાન એથ્લેટિક્સ ઓપન ચેમ્પિયનશીપના બીજા અને અંતિમ દિવસે પ્રભુત્વ મેળવ્યું હતું, જેમાં ગઈકાલે તાઈપેઈમાં છ સુવર્ણ, ત્રણ રજત સહિતના 10 ચંદ્રક જીત્યા હતા. સુવર્ણ ચંદ્રકના મુખ્ય વિજેતાઓમાં મહિલાઓની 400 મીટર અવરોધમાં ત્રણ વખતના રાષ્ટ્રીય ચેમ્પિયન વિથ્યા રામરાજ, પુરુષોના જેવેલિન થ્રોમાં રોહિત યાદવ, મહિલાઓની 800 મીટરમાં

પૂજા, પુરુષોના 800 મીટરમાં કૃષ્ણ કુમાર અને મહિલાઓના જેવેલિન થ્રોમાં અન્નુ રાણીનો સમાવેશ થાય છે.

પુરુષોની 4x400 મીટર ઇવેન્ટમાં પોડિયમની ટોચ પર સમાપ્ત થતાં સંતોષ ટી, વિશાલ ટીકે, ધારમવીર ચૌધરી અને મનુ ટીએસની ટીમ પણ જીતી હતી. યશસ પલક્ષે પણ પુરુષોની 400 મીટર અવરોધમાં રજત ચંદ્રક મેળવ્યો. શૈલી સિંહ અને એંસી સોજને બીજા અને ત્રીજા સ્થાને રહ્યા પછી મહિલાઓના લાંબા કૂદકામાં બીજા દિવસે ભારતે પણ બીજું ડબલ પોડિયમ પૂર્ણાહુતિ કરી હતી. ચેમ્પિયનશિપના શરૂઆતના દિવસે ભારતે છ સુવર્ણ ચંદ્રક જીત્યા, અંતિમ ચંદ્રક ટેલીમાં 12 સુવર્ણ, ત્રણ રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યા.

# FRENCH OPEN

સ્પેનના કાર્લોસ અલ્કારાઝે પાંચ સેટની રોમાંચક મેચમાં ઇટાલીના જેનિક સિનરને હરાવીને ફ્રેન્ચ ઓપન ટેનિસનો ખિતાબ જીતી લીધો છે. અલ્કારાઝે ગ્રાન્ડ સ્લેમ ઇતિહાસની સૌથી રોમાંચક ફાઇનલમાં 4-6, 6-7, 6-4, 7-6, 7-6 થી શાનદાર વિજય નોંધાવ્યો.

અગાઉ, બીજા ક્રમાંકિત ઇટાલિયન જોડી સારા એરાની અને જાસ્મિન પાઓલિનીએ મહિલા ડબલ્સ ટાઇટલ જીત્યું હતું.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

1. સંદેશ અને ફુલછાબે મણિપુરમાં ફરી હિંસા અને કરફ્યુનાં સમાચારને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.
2. નવગુજરાત સમયે મોદી સરકારનાં 11 વર્ષનાં શાસનની સમાપ્તિને હેડલાઇન બનાવી શિર્ષક આપ્યું છે- મોદી સરકારની અવિરત વિકાસગાથા
3. નરેન્દ્ર મોદી સરકારનાં ત્રીજા કાર્યકાળનાં પ્રથમ વર્ષની સમાપ્તિએ રાજસ્થાન પત્રિકા હેડલાઇનમાં લખે છે- મોદી 3.0 કા સિંદૂરી વર્ષ
4. અમેરિકાનાં ઇમિગ્રેશન વિભાગની કાર્યવાહીનાં વિરોધમાં ઉગ્ર દેખાવોનાં સમાચારને આઠ કોલમની તસવીરો સાથે હેડલાઇન બનાવી ગુજરાત સમાચાર લખે છે- ટ્રમ્પનાં ગેરકાયદે વસાહતીઓ સામેનાં હૂકમથી લોસ એન્જલસમાં હિંસા
5. દેશનાં અનેક રાજ્યોમાં તીવ્ર ગરમીનાં સમાચારને પ્રથમ પાને સ્થાન આપતાં નવગુજરાત સમય લખે છે- મોસમનો મિજાજ બદલાયોઃ રાજસ્થાન, હરિયાણા, પંજાબમાં આગઝરતી ગરમી- શ્રીગંગાનગરમાં 47.4 ડિગ્રી તાપમાન
6. આરબીઆઇ દ્વારા વ્યાજદર ઘટાડા બાદ જાહેર ક્ષેત્રની ચાર બેન્કો દ્વારા વ્યાજદરમાં અડધા ટકાનો ઘટાડો- આ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની હેડલાઇન છે.